# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **ગાંધીનગરમાં આજે સવારે મંત્રીમંડળની બેઠક યોજાશે**
2. **અમદાવાદના ચંડોળા તળાવ પરથી 60 હજાર ચોરસ મીટરનું દબાણ હટાવાયું, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કામગીરીની સમીક્ષા કરી.**
3. **D.R.I.ની ટુકડીએ અમદાવાદ હવાઈમથક પરથી અંદાજે 37 કરોડ રૂપિયાનો કેફી પદાર્થનો જથ્થો પકડ્યો.**
4. **સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગમાં આજે અતિશય ગરમી રહેવાની આગાહી.**
5. **રાજકોટનાં દિવ્યાંગ ખેલાડી સોનલ વસોયા 18-મી પૅરા કેનો ચેમ્પિયનશિપમાં પાંચ ચંદ્રક જીતનારાં પ્રથમ ગુજરાતી મહિલા બન્યાં.**

------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CABINET MEETING

ગાંધીનગરમાં આજે સવારે મંત્રીમંડળની બેઠક યોજાશે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ની અધ્યક્ષતામાં યોજાનારી બેઠકમાં અમદાવાદમાં દબાણ હટાવવાની ચાલી રહેલી કામગીરીની માહિતી રજૂ કરાશે. ઉપરાંત ઘૂસણખોર બાંગ્લાદેશી નાગરિકોને ઓળખવાની અને તેમને પકડવા ચાલી રહેલા કામગીરીની તેમજ આવતીકાલે પંચમહાલના ગોધરા ખાતે ઉજવવામાં આવનારા રાજ્ય ના સ્થાપના દિવસના આયોજન અંગે ની પણ સમીક્ષા કરાશે.

આ ઉપરાંત ટેકાના ભાવે ચાલી રહેલી ચણા અને રાયડાની ખરીદી મુદ્દે તેમજ રાજ્યમાં ઉનાળા દરમિયાન પાણીની સમસ્યા ન સર્જાય તે અંગે ચર્ચા કરાશે.

---

# TAPI RUBBER DAM

કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાએ ગઈકાલે તાપીના ડોલવણ તાલુકાના પાઠકવાડી ગામમાં રાજ્યના પ્રથમ રબર બંધનું ખાતમુહૂર્ત કર્યું. શ્રી બાવળિયાએ વિવિધ સિંચાઈ યોજના અંતર્ગત થતા કામોનું પણ નિરીક્ષણ કર્યું હતું. પાઠકવાડી ગામમાંથી પસાર થતી અંબિકા નદી પર અંદાજે 80 કરોડ રૂપિયાના ખર્ચે આ બંધ તૈયાર કરાશે. તેનાથી સ્થાનિક ગ્રામજનો અને ખેડૂતોને સિંચાઈનો લાભ મળશે. આ અંગે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાએ માહિતી આપી.

**(બાઈટ – કુવરજી બાવળીયા, કેબિનેટ મંત્રી)**

---

# CM SAMIKSHA BETHAK

અમદાવાદ પોલીસ અને મહાનગરપાલિકાએ સંયુક્ત રીતે ચંડોળા તળાવ ખાતે દબાણ દૂર કરવાની ઝૂંબેશ હાથ ધરી હતી. દરમિયાન ચંડોળા તળાવ ઉપર અંદાજે એક લાખ 25 હજાર ચોરસ મીટર દબાણમાંથી 60 હજાર ચોરસ મીટરનું દબાણ દૂર કરાયું હતું. આ કામગીરીમાં બે હજારથી વધુ પોલીસકર્મી, S.R.P.ની 15 કંપની, મહાનગરપાલિકાના એક હજાર 800 જેટલા કર્મચારીઓ સહિત અન્ય ટુકડી પણ જોડાઈ હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી , પોલીસ ખાતાના તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે અમદાવાદ પોલીસ કમિશનર કચેરી ખાતે બેઠક યોજી આ કામગીરીની સમીક્ષા કરી. બેઠકમાં ભવિષ્યમાં ઘૂસણખોરી અટકાવવા અને ચંડોળા તળાવ જેવી સરકારી મિલકત પર અતિક્રમણ રોકવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

---

# AMDAVAD AAG

અમદાવાદમાં ઈન્દિરા બ્રિજ પાસે આવેલા ઑર્ચિડ ફ્લેટમાં ગઈકાલે આગ ની લાગવાની ઘટના બની હતી. અગ્નિશમન દળની ટુકડીએ 10 જેટલી ગાડી સાથે ઘટનાસ્થળે પહોંચી 27 જેટલા લોકોને બચાવ્યા હતા. જ્યારે પાંચ જેટલી 108 ઇમરજેન્સી એમ્બુલેન્સે ઘટનાસ્થળે પહોંચી પાંચ લોકોને હૉસ્પિટલ ખસેડ્યા હતા. આ ઘટના દરમિયાન પાંચ લોકો જીવ બચાવવા ચોથા માળેથી નીચે કૂદી ગયા

હતા. બીજી તરફ , ઈન્દિરા બ્રિજ ચોકડી પાસે દોઢ કિલોમીટર ટ્રાફિકજામ સર્જાયો હતો.

---

# AMDAVAD DRUGS

ડિરેક્ટૉરેટ ઑફ રેવન્યૂ ઇન્ટેલિજેંન્સ- D.R.I.ની ટુકડીએ અમદાવાદના સરદાર વલ્લભભાઈ આંતર-રાષ્ટ્રીય હવાઈમથક પરથી 37 કરોડ રૂપિયાથી વધુનો કેફી પદાર્થ પકડ્યો છે.

અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે , D.R.I.ની ટુકડીએ અમદાવાદ કસ્ટમ વિભાગની મદદથી બેંગકોકથી આવી રહેલા ચાર ભારતીય નાગરિકને અટકાવ્યા હતા. તેમની છ બેગની તપાસ કરતાં વિવિધ ખાદ્ય ચીજવસ્તુઓમાં કેફી પદાર્થ છૂપાવવામાં આવ્યો હોવાનું જણાયું હતું. D.R.I.ની ટુકડીએ અંદાજે 37 કિલોથી વધુનો કેફી પદાર્થ કબજે કર્યો હતો.

---

# AYUSHMAN BHARAT DAY

દેશભરમાં આજે આયુષ્માન ભારત દિવસની ઉજવણી કરાશે. સત્તાવાર યાદી મુજબ, આયુષ્માન ભારત ડિજિટલ મિશનમાં ગુજરાતે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ એટલે કે ‘આભા’ હેઠળ રાજ્યના 70 ટકા નાગરિકોની નોંધણી થઈ છે. સાંભળીએ એક અહેવાલ..

**(VOICE CAST- MITTAL PATEL)**

(રાજ્યમાં 4 કરોડ 77 લાખથી વધુ નાગરિકોએ આયુષ્માન ભારત હેલ્થ અકાઉન્ટ ABHA માટે નોંધણી કરાવી છે. આયુષ્માન ભારત ડિજિટલ મિશન હેઠળ અત્યાર સુધીમાં 2 કરોડ 26 લાખથી વધુ આરોગ્ય રેકોર્ડને ડિજિટલી લિંક કરવામાં આવ્યા છે. આ સાથે , આ મિશન હેઠળ 17 હજાર 800થી વધુ આરોગ્ય સુવિધાઓની નોંધણી પૂર્ણ થઈ ગઈ છે. ભાવનગર 2 લાખથી વધુ આરોગ્ય રેકોર્ડને લિંક કરનારી દેશની પ્રથમ માઇક્રોસાઇટ બની છે. બીજી તરફ રાજ્યની 19 મેડિકલ કૉલેજ-હોસ્પિટલોમાં ABDMની 'સ્કેન અને શૅર ' સુવિધાએ OPD અનુભવને સરળ બનાવ્યો છે)

મિતલ પટેલ આકાશવાણી સમાચાર અમદાવાદ

---

# HAVAMAN

રાજ્યમાં આગામી ચાર દિવસ બાદ મહત્તમ તાપમાનમાં બે-થી ચાર ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી છે. જ્યારે આવતીકાલ સુધી રાજ્યમાં મહત્તમ તાપમાનનો પારો 40થી 44 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહી શકે છે . આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારમાં આજે અતિશય ગરમી રહેવાની એટલે કે હિટવેવની પણ શક્યતા છે એમ હવામાન ખાતાની યાદીમાં જણાવાયું છે.

દરમિયાન, ગત 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ 46 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન રાજકોટમાં નોંધાયું છે. જ્યારે કંડલા હવાઈમથક અને સુરેન્દ્રનગરમાં 45 ડિગ્રી, અમદાવાદ અને અમરેલીમાં 44 ડિગ્રી તેમજ ગાંધીનગરમાં 43 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન રહ્યું હતું. આ સિવાયના જિલ્લાઓ અને શહેરોમાં મહત્તમ તાપમાન 42 ડિગ્રી અને તેનાથી ઓછું નોંધાયું હતું.

---

# PATAN SCIENCE CENTER

પાટણના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ખાતે ગાંધીનગર ગુજકોસ્ટના સહકારથી સમર સાયન્સ કૅમ્પનો આરંભ થયો છે. ગઈકાલે રૉબોટિક્સ અને કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે, A.I.ની વિષયવસ્તુ સાથે પ્રથમ કેમ્પ યોજાયો. આ કેમ્પ માટે કુલ 67 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી, જેમાંથી 50 વિદ્યાર્થીઓને પસંદ કરાયા છે.

ગઈકાલે પાટણની સરકારી ઇજનેરી મહાવિદ્યાલયના સહાયક પ્રાધ્યાપક ડૉક્ટર હિતેશ પંચાલે રૉબોટિક્સ અને A.I. અંગે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને આ ક્ષેત્રમાં કારકિર્દી વિકસાવવાની દિશા અને શક્યતાઓ અંગે પણ જાણકારી આપી હતી. ઉલ્લેખનીય છે કે, આગામી સાત જૂન સુધી ધોરણ છથી 10ના વિદ્યાર્થીઓ માટે વિવિધ વિષય પર આધારિત કુલ છ જેટલા કૅમ્પનું આયોજન કરાશે.

---

# KAYAKING WATER SPORTS

રાજ્યનાં દિવ્યાંગ ખેલાડી સોનલ વસોયા 18-મી પૅરા કેનો નેશનલ ચેમ્પિયનશિપમાં રજત અને કાંસ્ય ચંદ્રક સાથે પાંચ ચંદ્રક જીતનારાં પ્રથમ ગુજરાતી મહિલા બન્યાં છે. મધ્યપ્રદેશના ભોપાલમાં 24થી 28 ઍપ્રિલ સુધી યોજાયેલી આ સ્પર્ધામાં કૅનો બોટમાં 200 મીટરની રેસમાં તેમણે કાંસ્ય અને કાયાકિંગ બોટમાં રજત ચંદ્રક મેળવ્યો છે. સોનલ વસોયા રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના રાયડી ગામનાં રહેવાસી છે.

સત્તાવાર યાદી મુજબ, આગામી વિશ્વકપને ધ્યાને રાખી આ ખેલાડી ભોપાલ ખાતે ઇન્ડિયા કેમ્પમાં તાલીમ લઈ રહ્યાં છે. તાલીમ બાદ અંતિમ પસંદગી થશે. પૉલેન્ડ ખાતે રમાનારા વિશ્વ-કપ , પટાયા ખાતે રમાનારી એશિયન ચેમ્પિયનશિપ તેમજ ઈટાલી ખાતે યોજાનારી વિશ્વ ચેમ્પિયનશિપમાં ભાગ લેવા તેઓ મજબૂત દાવેદાર છે.

---

# MORBI-CASE

મોરબી ઝૂલતા પુલ દુર્ઘટનાના આરોપી જયસુખ પટેલ સહિત 10 આરોપીની ડિસ્ચાર્જ અરજી સેશન્સ અદાલતે ફગાવી દીધી છે. આરોપીઓએ IPC કલમો હેઠળ ગુનો બનતો ન હોવાની દલીલ કરી હતી. આ અંગે સરકારી વકીલ વિજય જાનીએ વધુ માહિતી આપી હતી.

## બાઇટ: વિજય જાની – સરકારી વકીલ

---

# REV PARASHURAM JANMOTSAV

રાજ્યભરમાં ગઈકાલે ભગવાન પરશુરામ જન્મોત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમ યોજાયા. પાટણના સિદ્ધપુર ખાતે 54મી શોભાયાત્રા યોજાઈ, જેમાં કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂત સહિત રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા

હતા. ગીર સોમનાથમાં પણ પરશુરામજી તપોભૂમિ ખાતે પરશુરામ ભગવાનનું મહાપૂજન અને વિશેષ પૂજન કરાયું.

આ ઉપરાંત બનાસકાંઠાના દિયોદર તાલુકાના સણાદર અંબાજી મંદિર ખાતે પરશુરામ જન્મોત્સવ નિમિત્તે યજ્ઞ કરાયો હતો. દરમિયાન જુનાગઢના કેશોદમાં શહેરના મુખ્ય માર્ગો પર બાઈક રેલી યોજવામાં આવી.

---